# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર


''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.


પ્રતિ, તા. ૦૨/૦૪/૨૦૧૮

તંત્રીશ્રી,

............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.



**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **૬ એપ્રિલ, ભારતીય જનતા પાર્ટીના ૩૯મા સ્થાપના દિવસે સુરત મહાનગરમાં ''ભાજપા બુથ યાત્રા''નું આયોજન.**
- **''પંડિત દીનદયાળ ભવન'', ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે મળેલી ''શહેર કારોબારી''માં પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર, પ્રદેશ મહામંત્રી શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટે ભાજપાની વિકાસ યાત્રા માટેના ઐતિહાસિક દિવસને યાદગાર બનાવવા કાર્યકર્તાઓને હાકલ કરી.**
- **૬ઠ્ઠી એપ્રિલે ભાજપ–સુરત મહાનગર દ્વારા પૂર્ણ થનાર ''તાપી શુદ્ધિકરણ'' મહાઅભિયાનને અંતે સાંજે ૬:૩૦ કલાકે વિયર કમ કોઝવે, સિંગણપોર ખાતે ''મહાઆરતી''નો કાર્યક્રમ યોજાશે.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

આગામી તા. ૬ એપ્રિલ–૨૦૧૮, શુક્રવારના રોજ ભારતીય જનતા પાર્ટીના ૩૯માં સ્થાપના દિવસે ભાજપા–સુરત મહાનગર દ્વારા શહેરના દરેક બુથમાં "ભાજપા બુથ યાત્રા"નું આયોજન કરાયું છે. આ અંગેની માહિતી આપવા આજરોજ "પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે યોજાયેલી "શહેર કારોબારી"ને સંબોધિત કરતા પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણીયા, પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર, પ્રદેશ મહામંત્રી શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ તથા શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલાએ જણાવ્યું હતું કે ભાજપનો ૩૯મો સ્થાપના દિવસ વિચાર, કાર્યકર્તા અને ભાજપની વિકાસ યાત્રા માટેનો ઐતિહાસિક દિવસ છે. ભાજપના ઈતિહાસ, સંસ્મરણોને યાદ કરવાનો દિવસ છે તેમજ ભાજપાના દરેક કાર્યકર્તા માટે ગૌરવનો દિવસ છે.

આ દિવસ નિમિતે સમગ્ર સુરત મહાનગરના તમામ વોર્ડના બુથોમાં ભાજપના ઝંડા, ખેસ, સુત્રો સાથે જે તે બુથમાં એક સ્થાનેથી બીજા સ્થાને "ભાજપા બુથ યાત્રા" નીકળશે. આ યાત્રામાં કાર્યકર્તાઓ સહિત શુભેચ્છકો મોટી સંખ્યામાં જોડાશે તેમજ મહાનગરના પદાધિકારીઓ જે તે મંડળમાં બેઠક લઈને જે તે બુથની જવાબદારી નક્કી કરશે. બુથ યાત્રા દરમ્યાન કાર્યકર્તાઓ ઝંડા, ખેસ સહિત ઢોલનગારા સાથે પત્રિકા–સાહિત્ય સાથે યાત્રામાં શિસ્તબદ્ધ રીતે જોડાશે. પાર્ટીના સીનીયર આગેવાનો, કાર્યકર્તાઓ અને પદાધિકારીઓ ભાજપાના ઈતિહાસ, સંસ્મરણોને લોકો સમક્ષ રજૂ કરશે.

તા. ૬ઠ્ઠી એપ્રિલ–૨૦૧૮, શુક્રવારના રોજ ભાજપ સ્થાપના દિને ભાજપ–સુરત મહાનગર દ્વારા પૂર્ણ થનાર "તાપી શુદ્ધિકરણ" મહાઅભિયાનને અંતે સાંજે ૬:૩૦ કલાકે વિયર કમ કોઝવે, સિંગણપોર, સુરત ખાતે "મહાઆરતી"નો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ, શુભેચ્છકો, સમાજ સેવી સંસ્થાઓના આગેવાનો ઉપસ્થિત રહેશે.